# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
નેક એક્રીડેશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫
(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


## અગત્યનો

## પરિપત્ર

### ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦ /ખ-૧ તારીખ : ૨૧/૦૫/૨૦૨૧.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરના તારીખ : ૨૧/૦૫/૨૦૨૧નાં ઠરાવ ક્રમાંક કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ માં જણાવ્યા મુજબ તાજેતરની કોવિડ-૧૯નાં સંક્રમણની વ્યાપક પરીસ્થીતી સંદર્ભે જાહેર આરોગ્ય હિતોને ધ્યાને લઇ રાજ્યની યુનિવર્સિટીઓ/કોલેજોમાં સ્નાતક કક્ષાનાં મેડીકલ/પેરા મેડીકલ સીવાયનાં તમામ અભ્યાસક્રમો માટે ઇન્ટરમીડીએટ સેમેસ્ટર ૨, ૪, અને જ્યાં સેમેસ્ટર ૬ ઇન્ટરમીડીયેટ હોય તેવા વિદ્યાર્થીઓને Merit based Progression આપવામાં આવે છે. જેમાં માર્કસની ગણત્રી માટે ૫૦% ગુણ આંતરીક મૂલ્યાંકનનાં આધારે અને બાકીના ૫૦% ગુણ તરત અગાઉનાં (પ્રિવીયસ) સેમેસ્ટરનાં આધારે આપવાનાં રહેશે.

સુચીત Merit Based Progression યોજના હેઠળ (નીચે મુજબના) દાખલા તરીકે યુનિવર્સિટીમાં આંતરીક મૂલ્યાંકનનાં ૩૦ ગુણ છે તેમાંથી વિદ્યાર્થીએ ૨૦ ગુણ મેળવેલ હોય અને તરત અગાઉના (પ્રિવીયસ) સેમેસ્ટરનાં યુનિવર્સિટી પરીક્ષાનાં ૧૦૦ ગુણમાંથી તે વિદ્યાર્થીએ ૭૦ ગુણ મેળવેલ હોય તેવા કિસ્સામાં નીચે મુજબ માર્કસની ગણતરી કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| આંતરિક મૂલ્યાંકનના ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | આંતરિક મૂલ્યાંકનના ૩૦માંથી મળેલ ગુણ દા.ત.૨૦ ગુણ | આંતરિક મૂલ્યાંકનના કુલ ગુણ = ૫૦x૨૦ / ૩૦ = ૩૩.૩૩ ગુણ |
| તરત અગાઉના (પ્રિવીયસ) સેમેસ્ટરનાં ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | કુલ ગુણ ૧૦૦ માંથી મળેલ ગુણ દા.ત. ૭૦ ગુણ | તરત અગાઉના (પ્રિવીયસ) સેમેસ્ટરનાં કુલ ગુણ એટલે કે ૭૦ના ૫૦% = ૩૫ ગુણ |
| વિદ્યાર્થીને મળવાપાત્ર ગુણ | કુલ ગુણ ૧૦૦ | | ૩૩.૩૩+૩૫=૬૮.૩૩ ગુણ = ૬૮ ગુણ (પૂર્ણાંકમાં ગણતા) |

જો કોલેજ/યુનિવર્સિટી દ્વારા પ્રાયોગીક પરીક્ષાઓ લેવામાં આવેલ ન હોય તો તેના ગુણની ગણત્રી પણ ઉપર દર્શાવ્યા મુજબ કરવાની રહેશે. જો પ્રાયોગીક પરીક્ષા લેવામાં આવેલ હોય તો તે પરીક્ષામાં મેળવેલ ખરેખર ગુણને ધ્યાનમાં લેવાનાં રહેશે.

(૧) સ્નાતક કક્ષાના બીજા અને ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને Merit based Progression નો લાભ મળવા પાત્ર રહેશે. સ્નાતક કક્ષાએ જે વિદ્યાર્થીઓ તરત અગાઉનાં (Previouse) સેમેસ્ટરના કોઇપણ વિષયમાં ગેરહાજર રહેલ હોય તે કિસ્સામાં વિદ્યાર્થીને Merit based Progression તે વિષયમાં ગેરહાજર બતાવવામાં આવશે. સદર વિદ્યાર્થી યુનિવર્સિટી જ્યારે પણ તે વિષયની પરીક્ષાનું આયોજન કરે ત્યારે તે પરીક્ષા આપીને ઉત્તીર્ણ થવાનું રહેશે.

(૨) યુનિવર્સિટીનાં સીબીસીએસ રેગ્યુલેશન આર ૬.૧૧.૨ અંગે કોવિડ-૧૯ને ધ્યાને લેતા જે વિદ્યાર્થીઓને સને ૨૦૧૯-૨૦માં પ્રવેશ મેળવેલ છે તેવા વિદ્યાર્થીઓને પ્રથમ તથા દ્વિતીય સેમેસ્ટરમાં ત્રણ કરતા વધુ વિષયોમાં એન.સી. હશે તેવા વિદ્યાર્થીઓને પાંચમાં સેમેસ્ટરમાં ખાસ કિસ્સા તરીકે પ્રવેશ મેળવી શકશે.

(૩) સ્નાતક કક્ષાએ યુનિવર્સિટી પરીક્ષામાં ગેરરીતી આચરતાં પકડાયેલ વિદ્યાર્થીઓની પરીક્ષા શુધ્ધિ સમિતિ દ્વારા જે કઇ પણ સજા કરવામાં આવેલ છે તે મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે.

(૪) તરત અગાઉના સેમેસ્ટર અથવા વર્ષના ગુણ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં આંતરિક મૂલ્યાંકનના આધારે ૧૦૦% ગુણાંકન કરવામાં આવશે.

(૫) ઇન્ટરમીડીએટ સેમેસ્ટર પરીક્ષાઓ માટેપરીક્ષાલક્ષી બાબતમાં કરેલ જરૂરી ફેરફારો અંગેની જોગવાઇ Covid-19 ની મહામારીના કારણે ઉદભવેલી પરિસ્થિતિને અનુલક્ષીને માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે જ કરવાની થાય છે.

(૬) ઉપરોક્ત સૂચનાઓને વિવિધ સત્તામંડળની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રી દ્વારા મંજૂર કરેલ છે.

(૭) ઉપરોક્ત સુચનાઓને કાર્યાન્વીત કરતા કોઇ પણ પ્રશ્ન ઉદભવે તો તેના નિવારણ અર્થે માનનીય કુલપતિશ્રી દ્વારા જે કઇ નિર્ણય લેવાય તે અંતિમ ગણાશે.

(૮) સ્નાતક કક્ષાના છઠ્ઠા સેમેસ્ટર (ઇન્ટરમીડીયેટ સિવાય)ની યુનિવર્સિટી પરીક્ષાઓ યુનિવર્સિટી દ્વારા યોજવામાં આવશે અને તે અંગેનો પરીક્ષાનો કાર્યક્રમ હવે પછી જાહેર કરવામઅં આવશે.

(૯) લૉ ફેકલ્ટીના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ અંગે બાર કાઉન્સીલની/આર્કિટેક્ચર ઇન્ટીરીયર ડિઝાઇન તેમજ સંલગ્ન કોર્ષીસમાં વિદ્યાર્થીઓ માટે સંબંધીત કાઉન્સિલની ગાઇડલાઇન પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે.

નંબર/ઈ-૩/580
વલ્લભ વિદ્યાનગર
તારીખ : ૨૭/૦૫/૨૦૨૧

કાર્યકારી કુલસચિવ

નકલ સવિનય રવાના:

(૧) ડાયરેકટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.

(૨) યુનિવર્સિટી વિભાગોના વડાશ્રીઓ/યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી/ યુનિવર્સિટી સંલગ્ન ઇન્સ્ટીટ્યુશનોના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.